**રાજેન્દ્ર શેઠ**
આર.કે. ઇન્ફ્રાટેલ

**સુરતના કમિશનરે ૨૦૧૨માં સુરત સેફ સિટી પ્રોજેક્ટની ઇચ્છા વ્યક્ત કરી હતી. આ ઇચ્છાનો પડકાર રાજેન્દ્રભાઇએ ઝીલી લીધો**

# સુરતને આઇટી હબ બનાવવાનું સ્વપ્નું



સુરત શહેર સતત પ્રગતિ કરી રહ્યું છે. આજ સુધીની તેની ઓળખ જરી ઉદ્યોગ સાથે, ડાયમંડ ઉદ્યોગ અને ટેક્સટાઇલ ઉદ્યોગ સુધીની હતી. હવે વિત્યાં વર્ષોમાં આપણને સ્માર્ટસિટી, સેફ સિટી, સ્માર્ટ ઇન્ડસ્ટ્રીઝ, સ્માર્ટ વિલેજ જેવા શબ્દો સાંભળવા મળે છે. ભૈ, સુરત તો હવે સ્માર્ટ સિટી છે એવું તે શું થયું કે વિત્યા દાયકામાં અચાનક સુરતની ઓળખ બદલાઇ ગઇ? સુરતને સ્માર્ટ સિટીની ઓળખ મળી છે. આર કે ઇન્ફ્રાટેલ લિમિટેડ પાસેથી આ કંપની ઓપ્ટીકલ ફાઇબર નેટવર્ક ધરાવે છે. આ નેટવર્ક ભવિષ્યમાં હજુ વધુ ડેવલપ થશે એવું સપનું જોયું છે. રાજેન્દ્ર નરોત્તમદાસ શેઠે એ માટે તેમણે પાયાથી શરૂઆત કરી છે અને હજુ સતત અપગ્રેડ થઇ રહ્યા છે. આર. કે ઇન્ફ્રાટેલ લિ. આઇ ૫૦૯૦૦૧-૨૦૧૫ સર્ટિફાઇડ કંપની છે. નાનકડો કેબલ લાખો લોકોને એકબીજા સાથે જોડે છે. એ વાતની જાણ ભલે બધાંને હોય પણ એ કેબલ થકી આખી ઇન્ડસ્ટ્રીને શહેરને જોડવાનું કામ કર્યું હોય તો રાજેન્દ્રભાઇએ.

૧૯૬૪માં ગુજરાતના પાટણના રાધાપુર તાલુકાના ભિલોડ ગામ (જે પાકિસ્તાન બોર્ડર પર આવેલું છે) માં તેમનો જન્મ થયો હતો. તેમના પિતાનો અનાજ -કરિયાણાનો ધંધો હતો અને વાણિયાઓના તો લોહીમાં જ ધંધો વહેતો હોય એ ઉક્તિ મુજબ એમણે પ્રાયમરી શિક્ષણ (નવ ધોરણ) પૂરું કર્યા બાદ સુરતની વાટ પકડી. તે સમયે સુરતમાં હીરાબજારમાં કમાવાનું બધાને સપનું હતું એટલે ૧૯૮૦માં તેમણે હીરાનો ધંધો નાના પાયે શરૂ કર્યો પણ ૧૯૮૮માં નુકસાન જતાં હીરાઉદ્યોગને તિલાંજલિ આપી દીધી. પછી ટેક્સ્ટાઇલ ક્ષેત્રે નવી શરૂઆત કરી પણ મનમાં કંઇ જામતું નહોતું. તેમને કંઇ નવું કરવું હતું એટલે ૧૯૯૨માં કેબલ ટીવી કનેકશનથી શરૂઆત કરી આ ધંધામાં ફાવટ આવતાં તેમાં અપગ્રેડેશનનું વિચાર્યું. પહેલા તેઓ કોપર કેબલથી કામ કરતા હતા. ગ્રાહકોની મુશ્કેલીના નિવારણ માટે તેમણે ૨૦૦૮માં તો અંડરગ્રાઉન્ડ ઓપ્ટીકલ ફાઇબર નેટવર્ક શરૂ કર્યું. આમ સુરતથી હજીરા સુધી અંડરગ્રાઉન્ડ ફાઇબર નેટવર્ક નાખ્યું.

સુરતના આ પ્રોજેક્ટની સફળતા બાદ તેમને ગુડવાંવ શહેરનો અંડર ગ્રાઉન્ડ કેબલ નાખાવાનો પ્રોજેક્ટ મળ્યો સાથે ટાટા, રિલાયન્સ, વોડાફોન, એરટેલ વેગેરે ટેલીકોમ કંપનીઓ માટે કામ કર્યું આખરે ૨૦૦૭માં તેમણે આ પ્રોજેક્ટ વેચી નાખ્યો. ઘરના સભ્યોના વિરોધ વચ્ચે આખા શહેરને ફાયબર પર વિકસાવવાનું તેમણે વિચાર્યું કેમ કે ફાયબર ટેક્નોલોજી વિશ્વની સૌથી મોટી ભેટ છે આ ટેક્નોલોજીનો હજુ બહોળો વિકાસ થશે. ૨૦૧૧માં તેમણે એરલીંક નામે મશહુર બ્રોડબેંડ શરૂ કર્યું જે આજે લોકપ્રિય ઇન્ટરનેટ બ્રાંડ છે. હાલમાં તેમને સૌથી મોટો પ્રોજેક્ટ ગુજરાત સરકાર તરફથી મળ્યો છે જેમાં તેમણે ૧૪૫૦૦ કિમી નેટવર્ક નાખવાનું છે. સાત વર્ષ સુધી તેનું મેઇન્ટેઇનીંગ પણ તેમણે જ કરવાનું છે. આ આખો પ્રોજેક્ટ ૫૦૦ કરોડનો છે. આર કે ઇન્ફ્રાટેલ વધુ જાણીતું થયું સ્માર્ટ સિટી, સેફ સિટી પ્રોજેક્ટ પછી. સુરતના કમિશનરે ૨૦૧૨માં સુરત સેફ સિટી પ્રોજેક્ટની ઇચ્છા વ્યક્ત કરી હતી. આ ઇચ્છાનો પડકાર રાજેન્દ્રભાઇએ ઝીલી લીધો એ પ્રોજેક્ટ અંતર્ગત સુરત શહેરમાં દાખલ થવાના કે બહાર નીકળવાના તમામ રસ્તાઓ પર સીસીટીવી કેમેરા છે (આ પ્રોજેક્ટ સમગ્ર ભારતનો પહેલો સેફ પ્રોજેક્ટ છે.) જેનું લાઇવ રેકોર્ડિંગ થાય છે. જેને ૨૮૦ ફૂટ મોટા સ્ક્રીન પર મોનિટર થાય છે.

આ કેમેરાઓથી ગુનાખોરીના, ચીટીંગના અનેક કેસો સોલ્વ થયા છે. હવે આ જ ક્ષેત્રે તેઓ સ્માર્ટ વિલેજ, સ્માર્ટ હોમ, સ્માર્ટ ઇન્ડસ્ટ્રીઝ પ્રોજેક્ટમાં આગળ કામ કરી રહ્યા છે તેઓ માને છે કે 'એક દિવસ સુરત પણ બેંગ્લોર, પૂનાની જેમ આઇટી હબ બનશે.' એ માટે આઇટી પાર્ક બનાવવાના મંડાણ કર્યા છે. એમના ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં તેમણે સતત ટેક્નોલોજીકલ અપગ્રેડેશન કર્યું છે. સાથે આજના યુવાનોને સંદેશો આફતા કહે છે, 'સખત મહેનતનો કોઇ વિકલ્પ નથી.'

વધુ જાણવા QR સ્કેન કરો



The future belongs to those who believe in the beauty of their dreams. - Eleanor Roosevelt